Ex. No. :
Received on :
Registered on :
Decided on :
Duration : વ. મા. દિ.

सत्यमेव जयते

---

મે.વડોદરાની ૧૨ મી એડી. સેશન્સ કોર્ટ સમક્ષ, મુ.વડોદરા.

---

***સેશન્સ કેસ નં.૧૧૪/૧૫***

**ફરીયાદી :–**
શ્રી સરકાર

*વિ રૂ દ્ધ*

***આરોપી :–***

**મોહંમદ રફીકખાન મોહંમદ પાંચુખાન,**

ઉ.વ.આ.૨૯, ધંધો–ડ્રાઈવીંગ

રહે.કુતુબનગર, સૈયદવાડી, ગલી નં.૧૧,

રૂમ નં.૨, વટવા,અમદાવાદ.

બાબત: **ભારતીય દંડ સંહીતાની કલમ ૨૮૩,૩૦૪ મુજબ**

- ***સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી સી.જી.પટેલ ...***

- ***આરોપી તરફે વિ.વ.શ્રી એસ.વી.પરીખ ...***

:: જ જ મે ન્ટ ::

(૧) આરોપી આ સેશન્સ કેસમાં ભારતીય દંડ સંહીતાની કલમ ૨૮૯,૩૦૪ મુજબના ગુન્હાના તહોમતનો સામનો કરી રહેલ છે.

(૨) આરોપી વિરૂધ્ધ હાલનો આ કેસ દાખલ થયેલ છે તેમાં ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે, તા.૧૭/૩/૧૫ ના રોજ કલાક ૪:૦૦ ના અરસામાં ટેન્કર નંબર :- જી જે ૧ બી ટી ૮૬૬૩ ના ચાલકે આ ટેન્કરમાં જલદ પ્રવાહી એસીડ ભરેલ તેની તેમને જાણ હોવા છતાં જંબુસરથી પાદરા જતાં રોડ ઉપર બામણવશી ચોકડીથી આગળ માસરરોડ ગામની સીમમાંથી પસાર થતાં રાજય ધોરી માર્ગ ઉપર આ ટેન્કરના તમામ વ્હીલના ટાયરો રોડ ઉપર રહે તે રીતે ટ્રાફીકને અડચણ તથા જોખમરૂપ થાય તે રીતે પાર્કીંગ લાઈટ પણ ચાલુ ન રાખી તેમજ ટુન્કરની આગળ પાછળ કોઈ સીગ્નલ ન મુકી કે ઝાડી ડાળખા કે પથ્થર જેવા કોઈ અવરોધ ન મુકેલ કે જેથી રોડ ઉપર પસાર થતાં બીજા વાહનોને આ ટેન્કર ઉભુ હોવાની જાણ થાય તેમજ તે ટેન્કર ઉભુ રાખવાથી કોઈપણ ઈસમનું મૃત્યું કે શારીરીક ઈજા પહોંચવાનો સંભવ છે તેવુ જ્ઞાન હોવા છતાં નિષ્કાળજીપુર્વક વર્તી જે કારણે જંબુસરથી પાદરા જતી આયસર ગાડી નંબર : જીજે.૩.એટી.૨૩૮૭ જેનાં ચાલક વિનોદભાઈ ઉર્ફે પોપટભાઈ બાબુભાઈ સાથળીયા તથા તેમની સાથે સંજયભાઈ કાન્તીભાઈ રામાનુજ તેમજ શામજીભાઈ નાનજીભાઈ કોતરા પણ કલીનર તથા ડ્રાઈવર તરીકે ડ્રાઈવર કેબીનમાં બેસેલ હતાં જેઓને આ ટેન્કર રોડ ઉપર ઉભુ હોય તેવુ સીગ્નલ ન હોવાના કારણે રાત્રીના અંધારાના કારણે ખબર ન પડવાના કારણે આયશર ટેન્કરની પાછળ ઘુસી અકસ્માત થવાથી ટેન્કરમાં રહેલ એસીડ આ ત્રણેય ઈસમો ઉપર પડતા આ ત્રણેય ઈસમો

સખત રીતે સમગ્ર શરીરે દાઝી જતાં જે ઈજાના કારણે મોત નિપજેલ હોય જે અંગેની જાણ આ કામના ફરીયાદી જે,આ આયસર ગાડી નં. જી જે ૩ એ ટી ૨૬૮૭ ના માલીક ને ત્યાં બીજી આયસર ચલાવતા હોય તેઓને જાણ થતાં તેઓએ બનાવ સ્થળે પહોંચી સ્થળ સ્થિતિ જોઈ તે અંગેની ફરીયાદ નોંધાવતા જે વડુ પો.સ્ટે.ફર્સ્ટ ગુ. ર. નં. ૧૯/૧૫ થી ઈ.પી.કોડની કલમ ૨૮૩, ૩૦૪ મુજબની નોંધાયેલ.

(૩) ફરીયાદ નોંધાયા બાદ તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસના કામે ગુનાવાળી જગ્યાનું પંચનામુ,મરણ જનાર ત્રણેય ઈસમોની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ જે એકઝી. મેજી.શ્રીને યાદી કરી મંજુરીને અપેક્ષાએ કરી,ત્રણેય ઈસમોની લાશ પી.એમ. માટે મોકલી,સ્થળ ઉપર એફ.એસ.એલ.અધિકારીને બનાવ સ્થળની વીઝીટ કરવા માટે યાદી કરી જે અનુસંધાને એફ.એસ.એલ. અધિકારીએ પણ સ્થળ વીઝીટ કરી પ્રાથમિક અહેવાલ આપી તેમજ તપાસના કામે લાગતા વળગતા સાહેદો ના નિવેદનો નોંધ,આર.ટી.ઓ માં આ બંને વાહનોની યાંત્રીક ચકાસણી કરવા માટે યાદી કરી જે યાંત્રીક ચકાસણી થયા બાદ તે રીપોર્ટ રજુ થતાં તે તપાસના કામે સામેલ રાખી બનાવ સ્થળથી આ ટેન્કરનો ચાલક જે ભાગી ગયેલ હોય તેથી તે ટેન્કર જે એવન એસીડ પ્રા.લિ.ની માલીકીનું હોય,આ કામના આરોપી તે ટેન્કર ચલાવતા હતા તેવી વિગત જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે મેળવી આ કામના આરોપી તે ટેન્કરના ચાલક હોય અને તેમની બેદરકારી તથા ગુનાહીત કૃત્યના કારણે આ બનાવ બનેલ હોય જેથી તેમની વિરૂઘ્ઘ પુરતો પુરાવો મળી આવતાં તપાસ કરનાર અમલદારશ્રીએ ચાર્જશીટ પાદરા કોર્ટમાં કરતા તે ફોજદારી કેસ નં.૧૯૧૪/૧૫ થી

રજીસ્ટર્ડ થયેલ પરંતુ આ કેસ જે સેશન્સ ટ્રાયેબલ હોય જેથી પાદરા કોર્ટને તે કેસ ચલાવવાની હકુકત ન હોય તેમના ધ્વારા આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ ૨૦૭ હેઠળ પોલીસ પેપર્સની નકલો મળ્યાં સબંધેની ખાત્રી કર્યા બાદ આંક–૩ થી આરોપીઓનુ નિવેદન નોંધી,આંક–૪ થી ઉપરોકત કેસ સેશન્સ કમીટ કરતા જે સેશન્સ કમીટ થઈ ઉપરોકત નંબરથી રજી.થયેલ તથા ટ્રાયલના હેતુંથી અત્રે ની કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવેલ.

(૪) આ કેસ ટ્રાન્સફર થઈને અત્રેની કોર્ટ સમક્ષ ટ્રાયલના હેતું માટે થઈને આવતાં આરોપી હાજર થતાં ફરીયાદ તથા દસ્તાવેજી પુરાવા ઘ્યાને લઈ આરોપીની વિરૂઘ્ઘ ઈ. પી. કોડની કલમ ૨૮૩, ૩૦૪ મુજબના ગુન્હાનું તહોમતનામું આંક–૯ થી ફરમાવી આંક–૧૦ થી આરોપીની પ્લી નોંધતા આરોપીએ પોતાની સામેના તહોમતનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષ ધ્વારા પોતાના કેસની સાબિતી માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો:**

| **અનુ.નં** | **સાહેદનુ નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદી : વિપુલભાઈ લક્ષીભાઈ રબારીની જુબાની | ૧૧ |
| ૨ | સાહેદ: પ્રવિણ ભાઈ જેરામભાઈ સાનેપરાની જુબાની | ૧૩ |
| ૩. | પંચસાહેદ: ભગવાનસિંહ મનોહરસિંહ ગોહીલનીજુબાની | ૧૬ |
| ૪. | સાહેદ: નાગજીભાઈ નાનજીભાઈ કોતરાની જુબાની | ૨૦ |
| ૫. | સાહેદ: ધનજીભાઈ નાનજીભાઈ કોતરાની જુબાની | ૨૧ |
| ૬. | સાહેદ: ખુશાલભાઈ કાંતીલાલ રામાનુજની જુબાની | ૨૨ |
| ૭. | સાહેદ: દિપકભાઈ કાંતીલાલ રામાનુજની જુબાની | ૨૩ |
| ૮. | સાહેદ : જેરામભાઈ રાઘવભાઈ સાથળીયાની જુબાની | ૨૪ |
| ૯. | સાહેદ :બાબુભાઈ રાઘુભાઈ સાથળીયાની જુબાની | ૨૫ |

| | | |
|---|---|---|
| ૧૦ | સાહેદ: કિશોર બાબુભાઈ સાથળીયાની જુબાની | ૨૬ |
| ૧૧ | સાહેદ: કનુભાઈ ભીખાભાઈ ઠાકોરની જુબાની | ૨૭ |
| ૧૨ | સાહેદ : કિરીટભાઈ રમણભાઈ પટેલની જુબાની | ૨૮ |
| ૧૩ | સાહેદ: મેઘલ સંતોષકુમાર પંચાલની જુબાની | ૨૯ |
| ૧૪ | સાહેદ: ભરત મહેન્દ્રભાઈ દેસાઈની જુબાની | ૩૧ |
| ૧૫ | સાહેદ: પ્રવિણભાઈ જેરામભાઈ સાનેપરાની જુબાની | ૩૪ |
| ૧૬ | સાહેદ: મુકેશભાઈ ધનજીભાઈ પટેલની જુબાની | ૩૫ |
| ૧૭ | પી.એસ.ઓ.: અશોકભાઈ શીવદયાલની જુબાની | ૪૩ |
| ૧૮ | ત.ક.અ. રાકેશભાઈ અંબાલાલ પટેલની જુબાની | ૪૭ |
| ૧૯ | ત.ક.અ. મનુભાઈ શીવાભાઈ રોહીતની જુબાની | ૪૮ |

**<u>દસ્તાવેજી પુરાવો :</u>**

| **અનુ.નં** | **દસ્તાવેજનુ વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ | ૧૨ |
| ૨ | સ્થાનીક જગ્યાનું પંચનામુ | ૧૭ |
| ૩ | મરણ જનાર વિનોદની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું | ૧૮ |
| ૪. | મરણ જનાર સંજયની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું | ૧૯ |
| ૫. | મરણ જનાર શામજીની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું | ૨૦ |
| ૬. | આર.ટી.ઓ.એ આપેલ એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ | ૩૦ |
| ૭ | એફ.એસ.એલ. અધિકારીને બનાવ સ્થળની વીઝીટ કરવા લખેલ યાદીની સ્થળપ્રત | ૩૨ |
| ૮ | એફ.એસ.એલ. અધિકારીનો બનાવ સ્થળ વિઝીટનો પ્ર ાથમિક અહેવાલ | ૩૩ |
| ૯ | ગુજરનારનું પી.એમ. કરવા કરેલ યાદી | ૩૯ |
| ૧૦. | મરણ જનાર વિનોદની પી.એમ.નોટ | ૪૦ |
| ૧૧ | મરણ જનાર શામજીની પી.એમ.નોટ | ૪૧ |
| ૧૨ | મરણ જનાર સંજયની પી.એમ.નોટ | ૪૨ |
| ૧૩ | સ્ટે.ડાયરી નોંધ નં.૭/૧૫ ની ખરી નકલ | ૪૪ |
| ૧૪ | ગુનો રજી. કરવા કરેલ રીપોર્ટ | ૪૯ |

| | | |
|---|---|---|
| ૧૫ | ઈન્કવેસ્ટ કરવા એકઝી.મેજી.શ્રીને કરેલ યાદી | ૫૦ |
| ૧૬ | આર.ટી.ઓ.ને વાહનોની યાંત્રીક ચકાસણી કરવા કરેલ યાદી | ૫૧ |
| ૧૭ | આરોપીનુ લાયસન્સ જપ્ત કરવા આર.ટી.ઓ. અધિકારીને લખેલ પત્રની સ્થળપ્રત | ૫૨ |
| ૧૮ | અકસ્માતમાં સંડોવાયેલ વાહનોની આર.સી.બુક, ઈન્શ્યોરન્સ,પરમીટ, વાહનોમાં ભરેલ માલના દસ્તાવેજી પુરાવાની ઝેરોક્ષ(પાના નં.૨૧) | ૫૩ |

(૫) ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખ્યા બાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા આંક–૫૪ થી પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરતા પડેલ પુરાવાના આધારે આરોપીનું ક્રિ.પ્રો.કો.કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધતા આરોપી એ વિશેષ નિવેદનમાં ફરીયાદ ખોટી આપવામાં આવેલ છે તેવુ જણાવી અકસ્માત તેમનાથી થયેલ નથી કે તેમના વાહનની કોઈ નિષ્કાળજી ન હતી તેમણે દરેક પ્રકાર ની સાવધાની રાખેલ હતી અને તેમણે ભયજનક રીતે વાહન પાર્ક કરેલ ન હતું અને તેઓની ડ્રાઈવર તરીકે કોઈ ભુલ ન હતી.પોલીસે ખોટી રીતે તપાસ કરી ખોટું ચાર્જશીટ કરેલ છે. તેઓ સંપૂર્ણ નિર્દોષ છે.તેમનાથી આવો કોઈ ગુન્હો જ થયેલ નથી તથા તપાસમાં પણ તેમની વિરૂધ્ધ કોઈ જ પુરાવો નથી તેવુ જણાવેલ છે પરંતુ તેઓએ સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાક્ષી તપાસવાનો ઈન્કાર કરેલ છે.

(૬) ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી સી.જી.પટેલ ધ્વારા એવી દલીલ કરાયેલ છે કે હાલના કામે જે બનાવ બનેલ છે તેમાં ૩ નિર્દોષ ઈસમોના અત્યંત ખરાબ રીતે મૃત્યું નિપજેલ છે અને તે માટેઆ કામના આરોપી કે જે ટેન્કર નં. જી જે ૧ બી ટી ૮૬૬૩ ના ચાલક

હતા.તેમણે સવારના ચાર વાગ્યાના અંધારાના સમયમાં તા.૧૭/૩/૧૫ ના રોજ જલદ એસીડ પ્રવાહી વહન કરવા તેમના ટેન્કરમાં ભરી પસાર થતા હોય ત્યારે વાહનના ડ્રાઈવર તરીકે તેમની જવાબદારી રહેતી હોય તેમ છતાં પણ બેજવાબદારીભરી રીતે તેમણે રાજય ધોરી માર્ગ ઉપર અન્ય વાહનોને અડચણરૂપ થાય તે રીતે પોતાનું ટેન્કર પાર્ક કરી,તે સમયે પણ ટ્રાફીકના રૂલ્સ રેગ્યુલેશનથી વિરૂધ્ધ રીતે પાર્કીગ લાઈટ પણ ચાલુ ન રાખી તેમજ કોઈ સીગ્નલ કે ઝાડી ડાળખા આગળ કે પાછળ ન મુકેલ કે જેથી પાછળથી આવતા કોઈપણ વાહનને તે વાહન ઉભું હોવાની જાણ થાય.આમ આ કૃત્ય જે જવાબદાર ડ્રાઈવર તરીકે આરોપી ધ્વારા કરવામાં આવેલ હોય ત્યારે તેઓને તે અંગેનુ પણ જ્ઞાન હતું કે તેમનું વાહન રાજય ધોરી માર્ગ ઉપર ઉભુ રાખતા ત્યાંથી ઘણા વાહનોની અવરજવર થતી હોઈ અને તેવા કોઈ વાહનને રાત્રીના અંધારાના સમયમાં તેમણે ઝાડી, ડાળખા કે પાર્કીગ લાઈટ ચાલુ કરેલ ન હોવાના કારણે વાહન ટેન્કર ઉભું હોવાની જાણ ન થાય તો અકસ્માત સર્જાય શકે તેમ છે અને ટેન્કરમાં જલદ એસીડ પ્રવાહી છે તેવુ જ્ઞાન હોય તેમ છતાં તેમણે બેજવાબદારીપુર્વક રીતે વર્તી આ ટેન્કર પાર્ક કરતા જંબુસરથી પાદરા તરફ જતી આયસર ગાડી નં. જી જે ૩ એ ટી ૨૬૮૭ ના ચાલક વિનોદભાઈ બાબુભાઈ સાથળીયા તે ટેન્કરની પાછળ અથડાતા આ ડ્રાઈવરની કેબીનમાં રહેલ સંજયભાઈ કાન્તીભાઈ તથા શામજીભાઈ નાનજીભાઈના પણ તેમની ઉપર એસીડ ઢોળાવાના કારણે તથા અકસ્માતમાં થયેલ ઈજાઓને કારણે મૃત્યું નિપજેલ અને જે કારણે ત્રણ આશાસ્પદ યુવાનોએ પોતાની જીંદગી ગુમાવેલ છે ત્યારે તે ઘણી જ ગંભીર દુર્ઘટના

કહી શકાય. વિશેષમાં ફરીયાદ પક્ષે જે સાહેદોને તપાસવામાં આવેલ છે તે તમામની જુબાની ઉપરથી આ ટેન્કર તથા આયશર વચ્ચે અકસ્માત થયેલ તેમજ તેમાં સ્થળ ઉપર ટેન્કરના પાર્કીંગ અંગેની કોઈ લાઈટ કે ઈન્ડીકેટર ચાલુ ન હતી તેમજ આ ટેન્કર રોડ ઉપર પાર્ક કરેલ હતું તેવી હકીકતને સમર્થન મળે છે તથા તે જ હકીકતને સ્થાનીક જગ્યાના પંચનામાના પંચ સાહેદ ભગવાનસિંહ મનોહરસિંહ ગોહીલને આંક–૧૬ થી તપાસતા પણ સમર્થન મળી રહેલ છે. વિશેષમાં આ ટેન્કરના ચાલક જે આ કામના આરોપી હતા તે હકીકતને આંક–૫૩ થી રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા આંક–૪૮ ની ત.ક.મનુભાઈ શીવાભાઈ રોહીતની જુબાની ઉપરથી સમર્થન પ્રાપ્ત થાય છે તેમજ આ સાહેદોની જે જુબાની રજુ થયેલ છે તે ઉપરાંત પણ આરોપીનું જે વિશેષ નિવેદન તેમની વિરૂધ્ધ પડેલ પુરાવાના આધારે તેની સ્પષ્ટતા કરવા માટે નોંધવામાં આવેલ છે તેમાં પણ તેઓ આ ટેન્કરના ડ્રાઈવર હતાં તેવી હકીકતને તેમણે સ્વીકાર કરેલ છે ત્યારે રજુ થયેલ દસ્તાવેજો તથા મૌખિક પુરાવા તેમજ આ એફ.એસ.ની હકીકત ધ્યાનમાં લેતા ટેન્કરના ચાલક આરોપી જ હોવાની હકીકત ફરીયાદ પક્ષે પુરવાર કરેલ છે તેમજ રેસ ઈપ્સો લોકયુટરનો સિધ્ધાંત તથા અન્ય સાહેદોની જુબાની ઉપરથી તથા સ્થાનિક જગ્યાના પંચનામા અને પંચ સાહેદની જુબાની ઉપરથી ટેન્કર જે રોડ ઉપર ઉભુ હતું તે સમયે તેઓએ કોઈ ઈન્ડીકેટર રાખેલ ન હતું કે ઝાડી ઝાંખરા રાખેલ ન હતા તે કારણે અકસ્માત બનેલ હોય તેવી હકીકત ફરીયાદપક્ષ સંપૂર્ણપણે પ્રસ્થાપિત કરાતા હોય આરોપીને તકસીરવાન ઠરાવી મહત્તમ સજા કરવી જોઈએ.

(૭) પ્રતિપક્ષે વિ.વ.શ્રી એસ.વી.પરીખ ધ્વારા વિ.એ.પી.પી.શ્રીની દલીલોનો જોરદાર વિરોધ કરી આંક : ૫૮ થી લેખિત દલીલ રજુ કરી એવી રજુઆત કરેલ છે કે ફરીયાદ પક્ષે જે સાહેદો તપાસવામાં આવેલ છે તે પૈકી કોઈપણ સાહેદો બનાવ નજરે જોનાર સાહેદો નથી તેમજ તે કોઈપણ સાહેદોની જુબાની ઉપરથી આ કામના આરોપી જે ટેન્કરના ચાલક હતા અને તેમની બેદરકારીના કારણે આ બનાવ બનેલ તેવી કોઈ હકીકત પ્રસ્થાપિત થતી નથી.વિશેષમાં જે બનાવ બનેલ છે તેમાં આયશરના ચાલક ગુજરનાર વિનોદભાઈની જ બેદરકારીના કારણે આ બનાવ બનેલ છે તે માત્ર અકસ્માતનો બનાવ ગણી શકાય અને તે માટે પણ તે આયશરના ચાલક જવાબદાર ગણી શકાય ત્યારે ઈ.પી.કોડની કલમ ૩૦૪ કે ૨૮૩ મુજબનું તહોમત ટકી શકતુ નથીતેમજ જે ઈ.પી.કો. કલમ ૩૦૪ મુજબનું તહોમત આરોપીની વિરૂધ્ધ ફરમાવેલ છે તેમાં જે નામ. સુપ્રિમ કોર્ટ તથા વિવિધ હાઈકોર્ટસ ધ્વારા પ્રતિપાદીત થયેલ સિધ્ધાંત મુજબ આરોપીની સંડોવણી લાયક કોઈ પુરાવો હાલના કેસમાં રજુ થતો નથી તેમજ વિશેષ નિવેદન જે સોગંદ ઉપરની આરોપીની જુબાની ગણી શકાય નહીં ત્યારે વિશેષ નિવેદનમાં આરોપીએ જો કોઈ હકીકત જણાવેલ હોય તો પણ તે માત્ર કોરોબ્રોટીવ એવીડન્સ તરીકે વંચાણે લઈ શકાય, પરંતુ તે માટે પણ ફરીયાદ પક્ષે તેવો અન્ય સાંયોગીક પુરાવો રજુ કરવો જોઈએ કે જેના ધ્વારા આરોપીની સંડોવણી પુરવાર થતી હોવી જોઈએ પરંતુ માત્રઆરોપીના જ વિશેષ નિવેદન આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં તેવા સંજોગોમાં જયારે ફરીયાદ પક્ષ આરોપીની સંડોવણી જ

પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય ત્યારે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

**આરોપીના વિ.વ.શ્રી.એ તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના કેસ લો ઉપર આધાર રાખેલ છે.**

**<u>૧. એ.આઈ.આર. ૨૦૧૫,સુપ્રિમ કોર્ટ,પાન નુ.૩૧૦,નારસિંગ વિ. સ્ટેટ ઓફ હરીયાણા.</u>**

**<u>૨. ૨૦૧૪,જે.એક્ષ.(ગુજરાત) પાન નં.,પ૨૯ સંજયકુમાર લક્ષ્મણભાઈ ખાાંટ વિ. સ્ટેટ ઓફ ગુજરાત.</u>**

**<u>૩. ૨૦૧૬,(૨),જી.એલ.આર.પાન નં.૧૫૦૦ ગોવિંદભાઈ અઘેરાભાઈ કટારા વિ. સ્ટેટ ઓફ ગુજરાત .</u>**

(૮) હાલના કામે બંને પક્ષોની દલીલો, રજુ થયેલ દસ્તાવેજો તથા મૌખિક પુરાવા તેમજ જે તહોમતનામું ફરમાવેલ છે તેના આધારે હાલના કેસના ન્યાયિક નિર્ણય તથા નિકાલ અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:૧:** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે તા.૧૭/૩/૧૫ નારોજ કલાક ૪:૦૦ ના અરસામાં જંબુસરથી પાદરા જતાંરોડ ઉપર બામણવશી ચોકડી થી આગળ માસર ગામની સીમમાંથી પસાર થતાં રાજ્ય ધોરી માર્ગ ઉપર આ કામના આરોપીએ પોતાના હવાલાવાળું ટેન્કર જે ટ્રાફીકને અડચણરૂપ થાય તે રીતે ઉભુ રાખી ઈ.પી.કોડની કલમ ૨૮૩ મુજબનો ગુનો કરેલ છે?

**:૨:** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે મુદ્દાનં.૧ ની વિગતે, સમયે તથા સ્થળે આ કામના આરોપીએ ટ્રાફીકને અડચણ થાય તે રીતે ટેન્કર નં. જી જે ૧ બી ટી ૮૬૬૩ કે જેમાં જલદ પ્રવાહી એસીડ ભરેલ હતું અને તેની તેમને જાણ હતી ત્યારે તેઓ તે વાહન યોગ્ય રીતે રોડ ઉપર તેના તમામ વ્હીલ ન રહે તે રીતે પાર્ક કરવા બંધાયેલ હોવા છતાં તેનાથી વિરૂધ્ધ રીતે રોડ ઉપર આ ટેન્કરના તમામ ટાયર રહે અને ટ્રાફીકને અડચણ તથા જોખમરૂપ થાય તે રીતે પાર્ક કરી તેમજ તે પાર્ક કરતી સમયે કોઈપણ પ્રકારના પાર્કીંગ ઈન્ડીકેટર,લાઈટ કે ઝાડી ડાળખા કે પથ્થર રોડ ઉપર ન રાખી તેમજ આવી રીતે ગાડી પાર્ક કરતી સમયે તેઓને તેનુ સંપૂર્ણ જ્ઞાન હતું કે રાત્રીના અંધારાના સમયમાં આ રાજકીય ધોરી માર્ગ ઉપરથી પસાર થતાં વાહનોને આ ટેન્કર ઉભુ થયાની જાણ ન થાય તો તેની સાથે અકસ્માત થવાથી જલદ એસીડ પ્રવાહીના કારણે કોઈપણ ઈસમનું મૃત્યું નિપજી શકે તેમ છે તેમ છતાં પણ તેઓએ બેદરકારીપુર્વક વર્તી જે કારણે આયશર નં. જી જે ૩ એ ટી ૨૬૮૭ ના ચાલક વિનોદભાઈ જેઓ આ અયશર લઈ જંબુસરથી પાદરા તરફ જતા હતાં ત્યારે આ ટેન્કરની સાથે પાછળના ભાગે અથડાતા તેમનું તથા આયશરની ડ્રાઈવર કેબીનમાં બેસેલ સંજય કાંતીભાઈ તેમજ શામજીભાઈ નાનજીભાઈ ના અકસ્માતના કારણે ટેન્કરનું એસીડ જે ડ્રાઈવર કેબીન ઉપર તથા બનાવ સ્થળે ઢોળાતા જે જલદ પ્રવાહીના કારણે આ ત્રણેય ઈસમોનું મૃત્યું નિપજેલ છેઅને તે રીતે આરોપીએ તેમના બેદરકારીભર્યા કૃત્યના કારણે

મનુષ્ય વધ કે જે ખૂન ન ગણી શકાય તે રીતે ગુનાહીત કૃત્ય કરી તે કારણે ત્રણ ઈસમોના મૃત્યું નિપજાવેલ હોય અને તેમ કરી ઈ.પી.કોડની કલમ ૩૦૪ મુજબનું કૃત્ય કરેલ છે?

**:૩:** શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના આ કોર્ટના નીચે મુજબના નિર્ણયો છે.

**:૧:** હકારમાં.

**:૨:** હકારમાં.

**:૩:** આખરી હુકમ મુજબ.

(૧૦) ઉપરોકત નિર્ણયો અંગેના આ કોર્ટના કારણો નીચે મુજબ છે.

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદ્દા નં.૧–૨ ::</u>**

(૧૧) હાલના કામે મુદ્દા નં.૧–૨ ના જે બંને એકજ બનાવમાંથી થયેલ હકીકતોને આધારે ઉપસ્થિત થયેલ હોય સંક્ષિપ્તતાના હેતુસર તમામ મુદ્દાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવે છે.

(૧૨) ફરીયાદ પક્ષે કેસની હકીકત કે જે પેરા–ર માં જણાવેલ તે માટે તેઓએ પોતાના કેસની સાબિતી માટે કુલ ૧૯ સાહેદો તપાસવામાં આવેલ છે જેમાં બીન તકરારી રીતે કોઈપણ સાહેદ જે બનાવ નજરે જોનાર નથી જેમાં ફરીયાદીને બનાવની જાણ થતાં તેઓ સ્થળ ઉપરઆવેલા અને તેમણે સ્થળ ઉપર પહોંચી બનાવની હકીકત જોઈ જે ફરીયાદ લખાવેલ તે અનુસંધાને ફરીયાદી **વિપુલ લક્ષીભાઈ રબારીને આંક–૧૧** થી તપાસતાં તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે તેઓ છેલ્લા ઘણા વર્ષથી પ્રવિણભાઈ

કે જેઓ ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે તેઓને ત્યાં ડ્રાઈવીંગ કરે છે.૨૦૧૫ ની સાલમાં તેઓ તેમના શેઠની આયશર ગાડીનં. જી જે ૩ એ ટી ૧૬૪૭ ચલાવતા હતા તેમજ ૨૦૧૫ ની ૧૪, ૧૫ માર્ચની આજુબાજુ તેઓ પોતાની ગાડી લઈને વાગરા જસદણથી ગયેલ તેમજ ૨–૩ દિવસે વાગરાથી મઠીયુ ભરીને પરત આવેલ ત્યારે રસ્તામાં તેમણે ગાડી ઉભી રાખેલી તેના બીજા દિવસે સવારના સાતેક વાગ્યે તેમના ગૃપના ડ્રાઈવરે તેમને ફોન કરીને જણાવેલ કે તેમના શેઠની બીજી આયસર ગાડી જી જે ૩ એ ટી ૨૬૮૭ કે જે વિનોદભાઈ જશદણથી પાદરા તરફ લઈને આવતા હતાં ત્યારે બામણવશી ચોકડી પાસે એક ટેન્કર જેનો નં. જી જે ૧ બી ટી ૮૬૬૩ જે રસ્તાની વચ્ચે ઉભેલ હતી તેની સાથે આ આયસરનો અકસ્માત થતાં જેમાં ડ્રાઈવર તથા તેની સાથેના બે માણસો ગુજરી ગયેલ છે જેથી તેઓ વાગરાથી અકસ્માતવાળા સ્થળે પહોંચેલ ત્યારે જોયુ તો ટેન્કર રસ્તાની વચ્ચે ઉભુ હતું અને તેમના ગૃપની ગાડી ટેન્કરની પાછળ ઘુસી ગયેલ તેના કારણે ડ્રાઈવર વિનોદભાઈ તેમજ કેબીનમાં બેઠેલા શામજીભાઈ નાનજીભાઈ તથા સંજયભાઈને ગંભીર ઈજાઓ થયેલી અને તે કારણે તેઓ મરણ પણ પામેલ હતા તે ટેન્કરમાં એસીડ ભરેલ હતું અને તે ઢોળાવાના કારણે આ ત્રણેયને ઈજાઓ થયેલ હતી. આ ટેન્કર રોડ ઉપર ઉભેલ હતું અને કોઈ સીગ્નલ તે બાબતનું ટેન્કરવાળાએ આપેલ ન હોવાથી તથા અંધારૂ હોવાથી બનાવ બનેલ. આ બનાવ અંગે તેમણે વડુ પો.સ્ટે.માં ફરીયાદ નોંધાવેલી તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૨ થી રજુ કરે છે.

જયારે આરોપી તરફની ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે અકસ્માતનો બનાવ તેમણે નજરે જોયેલ નથી જેથી અકસ્માત કેવી રીતે થયેલ તે તેઓ ન કહી શકે તેમજ ટેન્કરના ચાલક સાથે તેમને કોઈ ઓળખાણ નથી.અકસ્માત સમયે ટેન્કર કોણ ચલાવતું હતું તેની તેમને માહીતી ન હોઈ ફરીયાદમાં તે વીશે કોઈ માહીતી લખાવેલ નથી. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે પોલીસે ફરીયાદ પોતાની રીતે લખી લીધેલ. તેઓ અકસ્માત બાદ ૫ થી ૬ કલાક બાદ પહોંચેલા ત્યારે ત્યાં બીજું કોઈ ન હતું તેથી તેમણે ફરીયાદ આપેલી. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે તેઓ ખોટી જુાની આપે છે કે ખોટી ફરીયાદ આપેલ જયારે તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમના શેઠના કહેવાથી તેમણે ફરીયાદ આપેલી.

(૧૩) ફરીયાદ પક્ષે મરણ જનાર શામજીભાઈના ભાઈ નાગજીભાઈ નાનજીભાઈ તથા ધનજીભાઈ નાનજીભાઈને આંક–૨૦ તથા આંક–૨૧ થી તેમજ મરણ જનાર સંજય કાંતીભાઈના ભાઈ ખુશાલભાઈ કાંતીભાઈ રામાનુજ તથા દિપક કાંતીભાઈ રામાનુજ ને આંક–૨૨ તથા આંક–૨૩ થી તેમજ મરણ જનાર ડ્રાઈવર વિનોદના કાકા તથા ભાઈ જેરામભાઈ રાઘવભાઈ સાથળીયા તથા કિશોર બાબુભાઈ સાથળીયાને આંક–૨૪ તથા ૨૬ થી તપાસતા આ તમામ સાહેદો કે જેઓ અકસ્માત બાદ અકસ્માતની જાણ થતાં સ્થળ ઉપર ગયેલ છે અને તેમની જુબાનીમાં તેમણે અકસ્માતની જાણ તેમને થતાં તેઓ બનાવ સ્થળે ગયેલ અને ત્યાં જઈને તેમણે જોતાં જે ટેન્કર નં. જી જે ૧ બીટી ૮૬૬૩ નું રોડઉપર ઉભુ

રાખેલ હતું અને તે સમયે આ ટેન્કરમાં કોઈ સીગ્નલ કે પાર્કીંગ લાઈટ ચાલુ ન હતી તથા ટેન્કર ગાડીના તમામ ટાયર રોડ ઉપર આવે તે રીતે ભયજનક રીતે ગમખ્વાર અકસ્માત સર્જી શકે તે રીતે ઉભુ રાખેલ હતું જે કારણે આયશર કે જેને રાત્રીના અંધારામાં આગળ ટેન્કર ઉભેલ હોય તેની જાણ ન થતાં તેની સાથે અકસ્માત થયેલ તે આયશરમાં રહેલ ડ્રાઈવર વિનોદભાઈ તથા સંજયભાઈ તેમજ શામજીભાઈને અકસ્માતમાં તથા ટેન્કરમાં રહેલ એસીડ તેમની ઉપર પડતા ઈજાઓ થતાં ત્રણેયનું મૃત્યું થયેલ અને તે ત્રણેયની લાશને પાદરા સરકારી દવાખાનામાં પી.એમ.કરાવવા લઈ ગયેલ જયાં તેમણે આ ત્રણેયની લાશો જોયેલ જે લાશ ઉપરથી ઠેક ઠેકાણે ચામડી ઉતરી ગયેલ હતી તેમજ પી.એમ. થયા બાદ તેમના કુટુંબીજનોને લાશનો કબ્જો સોંપી આપેલ અને પોલીસે તેમની પુછપરછ કરેલી તેવુ જણાવે છે.

જયારે આરોપી તરફની ઉલટ તપાસમાં તેઓએ કબુલ રાખેલ છે કે અકસ્માત તેઓ એ નજરે જોયેલ નથી અને તેની જાણ થયા બાદ અકસ્માત સ્થળે પહોંચેલ. તેઓ અકસ્માત કેવી રીતે થયેલ તે ન કહી શકે તેમજ ટેન્કર કોણ ચલાવતું હતું તેની માહીતી નથી તેવી હકીકત જણાવે છે.

(૧૪) ફરીયાદ પક્ષે મરણ જનાર વિનોદના પિતા બાબુભાઈ રાઘુભાઈ સાથળીયા ને આંક–૨૫ થી તપાસતાં તેઓએ પણ પોતાની જુબાનીમાં અન્ય સાહેદોની જુબાનીની વિગત મુજબની હકીકત જણાવેલ છે અને વિશેષમાં તેઓ બનાવ સ્થળે પહોંચેલ ન હતાં તેમજ બનાવ વખતે મુંબઈ હતા ત્યાં તેમને બનાવની જાણ

થયેલ તેવુ જણાવે છે તેમજ ઉલટ તપાસમાં પણ તેમણે અન્ય સાહેદોની જેવી જ હકીકત જણાવેલ છે.

(૧૫) ફરીયાદ પક્ષે અકસ્માત થનાર આઈશર નં. જી જે ૩ એ.ટી ૨૬૮૭ ના માલીક પ્રવિણભાઈ જેરામભાઈ સાનેપરા ની જુબાની આંક–૧૩ થી તથા આંક–૩૪ થી નોંધતા તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે તેઓ જસદણ મુકામે કુટુંબ સાથે રહે છે તેમજ ૨૦૧૫ માં તેમની માલીકીની જી જે ૩ એ ટી ૨૬૮૭ નંબરની આયશરને અકસ્માત જંબુસર જતા રોડ ઉપર બામણવશી ચોકડી ઉપર ટેન્કર સાથે થયેલ તે સમયે તેઓ પાટણ હતા.જેનો ડ્રાઈવર વિનોદ હતો. અકસ્માતની જાણ તેમને બીજા દિવસે સવારે તેમના પિતાનો ફોન આવતા થયેલ અને જણાવેલ કે આપણી આયશરને અકસ્માત થયેલ છે જેમાં ત્રણ જણા મરણ ગયેલ છે જ`થી તેઓ બીજા દિવસે પાદરા આવેલા.થળ પર તેઓએ જોયેલ કે આયશર ટેન્કરની પાછળ ઘુસી ગયેલ.બનાવ બાબતે પોલીસે તેમનો જવાબ લીધેલો તેમજ તેમણે પોલીસને તેમની આયસર ગાડીના પેપર્સ રજુ કરેલ હતાં. અકસ્માત ટેન્કર રોડ ઉપર કોઈ સીગન્લ વગર રાત્રીના અંધારામાં ઉભું હોય તેથી બનેલો તેમ જણાવે છે.

જયારે આ સાહેદની આરોપી તરફે વિ.વ.શ્રીએ કરેલી ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી અને બનાવની જાણ તેઓને ફોન ધ્વારા થયેલી તથા અકસ્માત કરનાર ટેન્કરનોનંબર તેઓને ખબર નથી.

(૧૬) ફરીયાદપક્ષે સ્થાનીક જગ્યાના પંચ સાહેદ ભગવાનસિંહ મનોહરસિંહ ગોહીલની જુબાની આંક–૧૬ થી નોંધતા તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે તેઓ ખેતી કામ કરે છે. બેએક વર્ષ પહેલા પાદરા જંબુસર હાઈવે ઉપરથી ભરૂચ તેઓની મો.સા. લઈને જતા હતાં ત્યારે બ્રાહમણવશી ચોકડી પાસે અકસ્માત થયેલ હતો ત્યાં પોલીસે તેઓને પંચ તરીકે રહેવા કહેતા તેઓએ હા પાડેલી. પોલીસે બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલું જેમાં આ જગ્યાં જંબુસર પાદરા તરફ જતા બ્રાહમણવશી ચોકડી પાસે આવેલ હતી તે રોડ આશરે ચોવીસેક ફુટ પહોળો હતો રોડની બંને બાજુ સર્વિસ રોડ હતો. જંબુસર તરફ જતા રોડ ઉપર એક ટેન્કર ઉભી હતી જેનો નંબર જે તે વખતે જોયેલ પણ હાલ યાદ નથી ટેન્કરની પાછળ એક એસીડની ટાંકી હતી એક બાજુના ટાયરો રોડ પર હતાં. પાછળ લાગેલા ટેન્કરમાં વાલ્વ હતો જે વાલ્વ આઈસર ગાડી અ થડાતા તુટી ગયેલ અને તેના કારણે એસીડ ઢોળાઈ ગયેલ હતુ. આઈસરનું કેબીન તુટી ગયેલ હતુ અને છુટો થઈ ગયેલ હતો.ડ્રાઈવર સાઈડના દરવાજા તેમજ બીજી જગ્યાંએ લોહીના ડાઘા હતા એસીડના કારણે રેડીયેટર તેમજ અન્ય સ્પેર પાર્ટસને નુકશાન થયેલ હતું. રોડ પર મઠીયાનો પાલો પડેલ હતો ટેન્કર દશ વીલ વાળો હતો ત્યાં **આજુબાજુ ચેતવણી માટે કોઈ સીગ્નલ મુકેલા ન હતા**. તે જગ્યાંની આજુબાજુની ચતુ:સીમા જોઈ પંચનામામાં લખવામાં આવેલ.તેઓએ પંચનામા માં પંચ તરીકે સહી કરેલી અને જે પંચનામાની પોતાની પંચ નં.૧ તરીકેની સહી

ઓળખી બતાવે છે તેમજ પોલીસવાળાએ પણ તેમાં સહી કરેલી તેવુ જણાવી આંક –૧૭ થી પંચનામું રજુ કરેલ છે.

જયારે આરોપી તરફની ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે તેઓ પોલીસને લખાવતા હોય અને પોલીસ લખતી હોય તેવુ બનેલ નથી જયારે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે તેઓએ શાની માટે સહી કરેલ તે તેમને ખબર નથી.બીજા કઈ વ્યકિતએ સહી કરેલ તેને તેઓ ઓળખતા નથી જયારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે પોલીસે તેમની પાસેથી ઓળખ બાબતે કોઈ પુરાવો લીધેલ નથી.

આ પંચનામાના પંચ સાહેદે પંચનામાની હકીકતને સમર્થન આપતા વિ.એ.પી.પી.શ્રીએ અન્ય પંચ સાહેદ સુરેશભાઈ ઉદેસંગને ડ્રોપ કરેલ છે.

(૧૭) ફરીયાદ પક્ષે અકસ્માત થયા બાદ સ્થળ ઉપર પહોંચી,સ્થળ પર એસીડ ઢોળાયેલ હોય જેથી પાણીનો મારો ચલાવનાર સાહેદ કનુભાઈ ભીખાભાઈ ઠાકોર ને આંક– ૨૭ થી તપાસતાં તેમણે એવી હકીકત જણાવેલ છે કે તેઓ છેલ્લા ઘણા સમયથી ગજેરા રોડ પર આવેલ પીરામીડ ગ્લાસ કંપનીમાં ફાયરમેન તરીકે ફરજ બજાવે છે બનાવ બેએક વર્ષ પહેલા બનેલ તે દિવસે સવારમાં તેઓ કંપનીમાં હોઈ તેમના મેનેજર સાહેબે ફોન પર જણાવેલ કે પાદરાથી જંબુસર જતા રોડ પર અકસ્માત થયેલ છે તો તમે પાણીનો ટેન્કર લઈને તે જગ્યાં પર જાવ જેથી તેઓ બે ત્રણ માણસ તથા બંબો લઈ થોડીક જ વારમાં બનાવ સ્થળે પહોંચી ગયેલ.બનાવ સ્થળેથી બસ્સો ત્રણસો મીટરની આજુબાજુ પુષ્કળ ધુમાડો હતો

તથા એસીડની વાસ આવતી હતી.તેથી તેઓએ તેમનો બંબો બનાવ સ્થળથી દુર ઉભો રાખેલ અને તેઓ માસ્ક પહેરી વાહનો પાસે જતાં ત્યાં એક ટેન્કર તથા આઈસર ગાડી હતી ટેન્કરની પાછળનો વાલતુટી ગયેલ હતો તેમાંથી  એસીડ નીકળતુ હતુ તેઓએ જોયુ તો આઈસરની કેબીનમાં ત્રણેક માણસ મરણ ગયેલ હાલતમાં હતાં ત્યારબાદ બીજા માણસો આવી જતાં આઈસરમાંથી લાશો કાઢ વામાં આવેલી. **બનાવ સ્થળે તેઓને જાણવા મળેલ કે ટેન્કરના ચાલકની ભુલના કારણે આ અકસ્માત થયેલો.**બનાવ બાબતે પોલીસે તેઓની પુછપરછ કરેલી.

જયારે આરોપી તરફની ઉલટ તપાસમાં કબુલ કરે છે કે બનાવ તેઓએ નજરે જોયેલ નથી પોલીસના કહેવાથી તેઓએ તેમના નામ સરનામા લખાવેલ તે સિવાય તેઓને અકસ્માતની કોઈ માહીતી નથી. વાહન ચાલકોની તેઓને કોઈ માહીતી નથી. વાહન નંબર પણ યાદ નથી આ કામે તેમને ફકત માનવ ધર્મ નિભાવેલો.

(૧૮) ફરીયાદ પક્ષે જે જગ્યાંએ અકસ્માત થયેલ તેની બાજુમાં જ ખેતીની જમીન ધરાવતા સ્વતંત્ર સાહેદ કીરીટભાઈ રમણભાઈ પટેલની જુબાની આંક-૨૮ થી નોંધતા તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે બનાવ બે વર્ષ પહેલા બનેલો તેમનું ખેતર બામણવશી ચોકડી આગળ જંબુસર પાદરા હાઈવે રોડ ઉપર આવેલ છે. અકસ્માત જે તેમના ખેતરની સામે બનેલ તે દિવસે તેઓ પોતાના ખેતરે જવા નીકળેલા ત્યારે રોડ ઉપર ટ્રાફીક જામ હતું જેથી તેઓ

એ બનાવ સ્થળે જઈને જોતાં એસીડની વાસ આવતી હતી અને **એક ટેન્કરની પાછળ આઈસર ગાડી ઘુસી ગયેલ હતી. સદર ટેન્કર રોડની સાધારણ વચ્ચે ઉભેલી અને ટેન્કરની આજુબાજુમાં કોઈ સીગ્નલ જણાઈ આવતું ન હતું**. તેઓ પહોંચ્યાં ત્યારે પોલીસ તથા ફાયર બ્રીગેડ વાળા ત્યાં કામ કરતા હતાં. આઈસર ગાડીના કેબીનમાંથી ત્રણ લાશ કાઢવામાં આવેલ તે લોકોને એસીડના કારણે ગંભીર ઈજા થયેલ. તેમને જગ્યાં ઉપર જાણવા મળેલ કે **ટેન્કરના ડ્રાઈવરની ભુલના કારણે અકસ્માત થયેલ હતો.**પોલીસે તેમની પુછપરછ કરેલી. ટેન્કરના ચાલક કોણ હતાં તે તેમને ખબર નથી અને તેમણે તેને જોયેલનથી.

જયારે આરોપી તરફની ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ તેમણે નજરે જોયેલ નથી અને પોલીસનાકહેવાથી તેમનું નામ સરનામું લખાવેલ તે સિવાય અકસ્માત અંગે કે વાહન ચાલકની માહીતી નથી અને વાહન નંબર પણ યાદ નથી. તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે અકસ્માત કેવી રીતે, કોની ભુલના કારણે થયેલ તેની તેમને ખબર નથી . તેમણે ફકત માનવ ધર્મ નિભાવેલ.

(૧૯) ફરીયાદ પક્ષે આ બંને વાહનો વચ્ચે જે અકસ્માત થયેલ તેમાં ત્રણ નિર્દોષ ઈસમો નો જીવ ગયેલ તે કામે બંને વાહનોની યાંત્રીક ચકાસણી માટે જે આર.ટી.ઓ. નિરીક્ષકને વાહનની તપાસણી સોંપવામાં આવેલ તે આર.ટી.ઓ. નિરીક્ષક મેઘલ સંતોષકુમાર પંચાલની જુબાની આંક–૨૯ થી નોંધતા તેમણે પોતાની જુબાનીમાં

એવી હકીકત જણાવેલ છે કેતેઓ ૪ વર્ષથી આર.ટી.ઓ.માં વાહન નિરીક્ષક તરીકે ફરજ બજાવે છે તેમની ફરજમાં જો કોઈ મોટર વાહનથી અકસ્માત થઈ તેમાં કોઈનું મૃત્યું નિપજેલ હોય તો તેવા સંજોગોમાં તેઓએ વાહનની યાંત્રીક તથા સ્થિતિ અંગેની ચકાસણી કરવાની હોય છે. તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે તા.૨૫/૩/૧૫ ના રોજ તેઓ વડોદરા આર.ટી.ઓ. કચેરીમાં ફરજ ઉપર હતાં ત્યારે વડુ પો.સ્ટે.તરફથી તેમને યાદી મળેલી જેમાં જંબુસર રોડ ઉપર બે વાહનો વચ્ચે અકસ્માત થયેલ તેથી તે વાહનનુ સ્થળ ઉપર નિરીક્ષણ કરવા જણાવવામાં આવેલ તે યાદીના આધારે તે જ દિવસે તેઓ સ્થળ પર ગયેલા.ત્યાં ટેન્કર નં. જી જે ૧ બી ટી ૮૬૬૩ ની પાછળની બ્રેક લાઈટ તુટેલી હતી અને વાલ તુટેલો હતો તે વાહનને આટલુ જ નુકશાન હતું તથા એક આઈસર નં. જી જે ૩ એ ટી ૨૬૮૭ પણ પડેલ હતું તેના ડ્રાઈવરની આખી કેબીન તુટેલી હતી તેમજ એન્જીન એસેસરી, સ્ટેરીંગ,મીકેનીજમ, ગીયર બોક્ષ વિગેરે સંપૂર્ણ તુટેલી હાલતમાં હતું.બંને વાહનનોનો તેઓએ એકસીડન્ટ રીપોર્ટ તૈયાર કરેલ જે પોતાની સહી ઓળખી બતાવી આંક–૩૦ થી રજુ કરેલ છે.

જયારે આરોપી તરફની ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આ અકસ્માતની યાદી તેમણે જાતે મેળવેલ નથી. તે યાદી કેટલા વાગે આપવામાં આવેલ તે તેમને યાદ નથી. અકસ્માત સ્થળે વાસ આવતી હતી કે કેમ તે હાલ યાદ નથી કારણ કે તેમણે ફકત વાહનનું નિરીક્ષણ કરવાનું હતું

તેમજ એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ કામે તેઓએ આયસરનું ફીટનેશ સર્ટિ. રજુ કરેલ નથી.

(૨૦) ફરીયાદ પક્ષે આ અકસ્માત સ્થળની વીઝીટ લેનાર એફ.એસ.એલ. અધિકારી શ્રી ભરત મહેન્દ્રભાઈ દેસાઈ ની જુબાની આંક–૩૧ થી નોંધવામાં આવેલ છે જેમાં તેમણે એવી હકીકત જણાવેલ છે કે તેઓ છેલ્લા ૨૯ વર્ષથી એફ.એસ.એલ.માં ફરજ બજાવે છે તેમજ છેલ્લા બે વર્ષથી સાયન્ટીફીક ઓફીસર તરીકે ફરજ બજાવે છે. માર્ચ ૨૦૧૫ માં તેઓ વડોદરામાં સાયન્ટીફીક ઓફીસર તરીકે ફરજ બજાવતા હતાં ત્યારે તેમની ફરજમાં જે જગ્યાંએ ગુનો બનેલ હોય તે સ્થળ ઉપર નિરીક્ષણ કરી કોઈ વૈજ્ઞાનિક પુરાવો મળી શકે તેમ છે કે કેમ તે અંગેની જાણ અને તેવો પુરાવો તપાસનીશ એજન્સીને આપવો તેવુ હોય છે. તપાસનીસ એજન્સી ધ્વારા તેઓને કંટ્રોલ રૂમ મારફતે ટેલીફોનથી જાણ થાય તે પ્રમાણે તે સ્થળે જવાનુ હોય છે તેઓને હાલના કામે તપાસ કરનાર ધ્વારા સ્થળ નિરીક્ષણ માટે તથા તપાસના કામે માર્ગદર્શન આપવા જે યાદી કરેલ તે યાદીની સ્થળપ્રતમાં તેઓની સહી છે જે આંક–૩૨ થી રજુ કરે છે. તા.૨૯/૩/૧૫ ના રોજ તેઓ બનાવ સ્થળે ગયેલ. તેમણે સ્થળ સ્થિતિ જોતાં રોડ પર એસીડ ઢોળાયેલ હતું તેઓએ સ્થળ પરથી કોઈ નમુના લીધેલા નથી, તપાસ અધિકારીને ફોટોગ્રાફી કરવા માર્ગદર્શન આપેલ અને સ્થળ નિરીક્ષણ કરી તેમનો અહેવાલ આપેલો જેમાં તેઓની સહી હોવાનું જણાવી આંક–૩૩ થી રજુ કરેલ છે.

જયારે બચાવ પક્ષે વિ.વ.શ્રીએ કરેલી ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે પોલીસ યાદીના આધારે પ્રાથમિક અહેવાલ આપેલો છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આ કામે સ્થળ પરથી કોઈ નમુના પુરાવા સ્વરૂપે લીધેલા નથી અને સ્થળ પર મરણ જનારના નામો તેઓને પોલીસના કહેવાથી ખબર પડેલી તથા પ્રાથમીક અહેવાલથી અકસ્માતનું ચોકકસ કારણ નકકીં થઈ શકે નહીં.

(૨૧) ફરીયાદ પક્ષે અકસ્માતમાં સંડોવાયેલ બે વાહનો પૈકી ટેન્કર જે કંપનીનું હતું તે એવન એસીડ પ્રા.લિ.ના મેનેજર મુકેશ ધનજીભાઈ પટેલનીજુબાની આંક–૩૫ થી નોંધતા તેમણે એવી હકીકત જણાવેલ છે કે તેઓ બોપલ છેલ્લા ૪ ૫ વર્ષથી રહે છે અને એવન એસીડ પ્રા.લી.માં નોકરી કરે છે જે કંપની અમદાવાદ મુકામે આવેલ છે તેઓ કંપનીના મેનેજર તરીકે ફરજ બજાવે છે.તેમની કંપનીના કોઈ એસીડ ભરેલ ટેન્કરને અકસ્માત થયેલ કે કેમ તેની તેમને કોઈ ખબર નથી.પોલીસે તેમની પુછપરછ કરેલ નથી તેઓ બનાવ બાબતે કાંઈ જાણતા નથી.વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરીગયેલ જાહેર કરી વિગતવારઉલટ તપાસ કરવા છતાં પણ તેમણે ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થનઆપેલ નથી તેમજ તેમણે કોઈ નિવેદન નોંધાવેલ હોય તેનો પણ ઈન્કાર કરેલ છે.

જયારે આરોપી તરફની ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમણે બનાવ નજરે જોયેલ નથી. બનાવ વિશે તેમને કોઈ જાત માહીતી નથી તથા તેમની કંપનીમાં પચાસથી વધુ ટેન્કર છે. તેમણે આ ટેન્કરના

કોઈપણ કાગળો રજુ કરેલ નથી તેમજ ટેન્કર ચાલકની નોંધનું રજીસ્ટર નિભાવવાનું તેમના કાર્યક્ષેત્રમાં આવતું નથી. તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે અકસ્માત સંદર્ભે તેમને કોઈપણ પ્રકારની જાત માહીતી નથી.

(૨૨) ફરીયાદ પક્ષે હાલની ફરીયાદ નોંધનાર પી.એસ.ઓ. અશોકકુમાર શિવદયાલ ની જુબાની આંક–૪૩ થી નોંધતા તેમણે એવી હકીકત જણાવેલ છે કે તેઓ ૨૦૧૫ માં વડુ પો.સ્ટે.માં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતાં તે દરમ્યાંન તારીખ:.૧૭/૩/૧૫ ના રોજ તેઓ પી.એસ.ઓ.ના ચાર્જમાં હતા તે દરમ્યાંન પો.ઈ.શ્રી એસ.કે.વાળાનાઓએ તેઓના રૂબરૂની એક લેખીત ફરીયાદ હુકમ સહ દાખલ કરવા મોકલતા તેઓએ વડુ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૧૯/૧૫, ઈ.પી.કોડની કલમ ૨૮૩, ૩૦૪ મુજબનો ગુનો દાખલ કરી સ્ટે.ડા.એન્ટ્રી નં.૭/૧૫ થી નોંધ કરી આગળની તપાસ અ.હે.કો. મનુભાઈ શીવાભાઈને સોંપેલી.જે સ્ટે.ડા.ની નકલ આંક–૪૪ થી રજુ કરેલ છે.

જયારે આરોપી તરફની ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમણે માત્ર ગુનો રજી. કરવા સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

(૨૩) ફરીયાદ પક્ષે આ ગુન્હાની તપાસ સંભાળનાર મનુભાઈ શીવાભાઈ રોહીતની જુબાની આંક–૪૮ થી નોંધતા તેમણે એવી હકીકત જણાવેલ છે કે, તેઓ ૨૦૧૫ માં વડુ પો.સ્ટે.માં હે.કો. તરીકે ફરજ બજાવતાં હતાં ત્યારે તા.૧૭/૩/૧૫ ના રોજ ફરીયાદી વિપુલભાઈ રબારીએ ફરીયાદ પો.ઈ. એસ.કે.વાળા રૂબરૂજે ફરીયાદ નોંધાવી તે ગુનો રજી. થવા માટે વડુ પો.સ્ટે. મોકલતા જે ગુન્હો એ.એસ.આઈ.

અશોકભાઈએ રજી. કરી આગળની તપાસ હુકમ સહ તેઓને સોંપતા તેમણે તપાસ સંભાળેલી જે હુકમ તેઓ આંક–૪૯ થી રજુ કરે છે તેમજ તપાસ મળતા ફરીયાદીની ફરીયાદ વંચાણે લીધેલ.મરનાર ઈસમોની લાશ પાદરા સરકારી દવાખાનામાં પી.એમ.રૂમમાં રાખેલ હોય ત્યાં જઈ લાશનું નિરીક્ષણ કરેલ ત્યારબાદ લાશ પર ઈન્કવેસ્ટ ભરવા એકઝી. મેજી., પાદરાને યાદી મોકલી આપેલ જે યાદી આંક–૫૦ થી રજુ કરે છે. તેમજ આ યાદી પરત્વે તેમણે ઈન્કવેસ્ટ પંચનામું કરવા અધિકાર મળતા તેમણે મરણ જનાર ત્રણેય ઈસમો વિનોદ, સંજય તથા શામજીભાઈની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું સ્વતંત્ર પંચ સાહેદોની હાજરીમાં કરેલું જે આંક–૧૮ થી ૨૦ સુધીના રજુ છે તેમજ તેમાં પંચોએ તેમની રૂબરૂ સહી કરેલ તેવુ જણાવે છે તથા તેમણે પણ રૂબરૂપણામાં સહી કરેલ હોવાનું જણાવી તેઓની સહી ઓળખી બતાવેલ છે.ત્યારબાદ મેડીકલ ઓફીસર પી. એચ.સી. માસર રોડને યાદી લખી પી.એમ માટે લાશ મોકલી આપેલ જે યાદી આંક– ૩૯ થી રજુ છે. સદર લાશોનુ પી.એમ. કર્યા બાદ લાશ વાલી વારસોને સોંપવા પો.કો. મહેશ કાળુનાઓને સોંપેલ તેઓએ વાલી વારસોને લાશનો કબ્જો સોંપી લાશ સોંપ્યાની પાવતી રજુ કરેલ. ત્યારબાદ તેમણે ગુનાવાળી જગ્યાંએ જઈ તે જગ્યાંનુ સ્થળ સ્થિતિનું પંચનામુ બે સ્વતંત્ર પંચ સાહેદોની હાજરીમાં કરેલ જે આંક–૧૭ થી રજુ છે તેજ છે તેમ જણાવી વિશેષમાં જણાવે છે કે મરણ જનારના સગા સબંધી તેમજ સ્વતંત્ર સાહેદોના નિવેદનો તેમણે તેમના લખાવ્યાં મુજબ નોંધી તથા આર.ટી.ઓ. અધિકારી,

વડોદરાને વાહનોની યાંત્રીક ચકાસણી માટે યાદી કરેલી જે યાદી તેઓ આંક–૫૧ મુજબની છે તેમ જણાવે છે તથા એફ.એસ.એલ. અધિકારીશ્રીને પણ ગુનાવાળી જગ્યાંની વીઝીટ કરી તપાસણી માટે માર્ગદર્શન આપવા યાદી લખેલ જે આંક–૩ર મુજબની છે તે જ છે તથા એફ.એસ.એલ. અધિકારીએ જે પ્રાથમિક અહેવાલ કરવા આપેલ તે આંક–૩૩ મુજબનો છે તથા આર.ટી.ઓ.અધિકારીએ અકસ્માત કરનાર ટેન્કર ગાડી નં. જી જે ૧ બી.ટી.૮૬૬૩ તથા આઈસર ગાડી નં. જી જે ૩ એટી.ર૬૮૭ ના સર્ટિ. મોકલી આપેલ જે કામમાં સામેલ રાખેલ અને જે આર.ટી. ઓ ની લખેલ યાદી આંક–પર થી તથા બંને વાહનોના સર્ટિ.સંયુકત રીતે આંક–૫૩ થી રજુ કરેલ છે તેમજ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય તેમણે આરોપીને અટક કરેલ અને કોર્ટ સમક્ષ ચાર્જશીટ કરેલ હતું.

જયારે આરોપી તરફની ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આ આઈસર વાહન કોણ ચલાવતુ હતું તે તેમની તપાસમાં નીકળેલ ન હતું. જયારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે હાલના કામે તેઓએ સ્થળ સ્થિતિનો કોઈ  નકશો રજુ કરેલ નથી તથા હાલના કામે તેઓએ ફીંગર પ્રિન્ટ એકસપર્ટનો કોઈ અભિપ્રાય મેળવેલ નથી.એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે સ્થાનિક વાહન ચાલકો કે રાહદારીઓના નિવેદન લીધેલ નથી કે પંચનામા ખોટા ઉભા કરી તેમાં પંચોની સહીઓ કરાવેલી છે કે હાલના કામે મરનારના સગા વ્હાલાઓના જ નિવેદનો લીધેલા છે કે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરેલ છે કે હાલના કામે પ્રત્યક્ષ જોનાર સાહેદોના નિવેદનો

નોંધવામાં આવેલ નથી કે પુરતા પુરાવા ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે કે ખોટી તપાસના સમર્થનમાં ખોટી જુબાની આપે છે.

(૨૪) ફરીયાદ પક્ષે ચાર્જશીટ કરનાર ત.ક.અધિકારી શ્રી રાકેશ અંબાલાલ પટેલની જુબાની આંક-૪૭ થી નોંધતાં તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ વડુ પો.સ્ટે.માં ૨૦૧૫ માં ઈન્ચાર્જ પી.એસ.આઈ. તરીકે ફરજ પર હતાં ત્યારે વડુ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૧૯/૧૫ ની તપાસ જે હે.કો.મનુભાઈ શીવાભાઈનાએ કરેલી તે ગુનાની ચાર્જશીટ કરવાની હોઈ તે ચાર્જશીટ તેમના મારફતે કોર્ટમાં રવાના થયેલ તે સિવાય તેમણે અન્ય કોઈ કામગીરી બજાવેલ નથી. જયારે આરોપી તરફની ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે તેમણે પેપરનો અભ્યાસ કરતાં આરોપી વિરૂધ્ધ કોઈ પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે.

**<u>પુરાવાની ચર્ચા</u>**

(૨૩) હાલની ફરીયાદ જે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૨૮૩, ૩૦૪ ના તહોમત અંગેની થઈ તે મુજબનુ ચાર્જશીટ ત.ક.અધિકારી શ્રી ધ્વારા આરોપી વિરૂધ્ધ કરવામાં આવેલ છે,પરંતુ બીન તકરારી રીતે ફરીયાદપક્ષે જે સાહેદો ફરીયાદી સહીત તપાસવામાં આવેલા છે તે પૈકી કોઈપણ સાહેદ તે બનાવ નજરે જોનાર સાહેદ નથી,પરંતુ આ સાહેદોને તથા ફરીયાદીને બનાવની જાણ થતાં તેઓ બનાવ સ્થળે પહોંચેલ સાહેદો છે. જેમાં ફરીયાદી વિપુલ લક્ષીભાઈ, આઈસર નં. જી જે ૩ એ ટી ૨૬૮૭ ના માલિક પ્રવિણભાઈ જેરામભાઈ, મરણ જનાર શામજી ના કુટુંબી એટલે કે ભાઈ નાગજી નાનજી, ધનજી નાનજી તથા મરણ જનાર

સંજયના ભાઈ ખુશાલ કાંતીલાલ તેમજ દિપક કાંતીલાલ તથા મરણ જનાર ડ્રાઈવર વિનોદના કાકા જેરામભાઈ રાઘવભાઈ તથા ભાઈ કિશોરભાઈ બાબુભાઈ જે તમામ પણ બનાવની જાણ થતાં સ્થળે પહોંચેલ છે.તેમની જુબાની તેમજ બનાવની જાણ થતાં બનાવ સ્થળે પાણીનો બંબો લઈ પહોંચનાર સ્વતંત્ર સાહેદ કનુભાઈ ભીખાભાઈ તેમજ જે જગ્યાંએ બનાવ બનેલ તેની પાસે જ ખેતીની જમીન ધરાવતાં સાહેદ કીરીટભાઈ રમણભાઈ તે તમામની જુબાની આંક–૧૧, ૧૩, ૨૦ થી ૨૮ દ્વારા નોંધતાં આ તમામ સાહેદોએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,અકસ્માત જે જંબુસરથી પાદરા જતા રોડ પર બામણવશી ચોકડી થી આગળ માસર રોડ ગામની સીમમાંથી પસાર થતાં રાજકીય ધોરીમાર્ગ પર બનેલો છે તેમજ અકસ્માતનો બનાવ જે ટેન્કર જેમાં એસીડ ભરેલું હતું તે તથા આઈસરની વચ્ચે બનેલ છે. જેમાં આઈસરમાં રહેલ ડ્રાઈવર તથા કલીનર તરીકેના સંજય તથા શામજીના અકસ્માતની તથા એસીડ ઢોળાવાના કારણે થયેલ ઈજાથી સ્થળ પર જ મૃત્યું નિપજેલ તેમજ આ સાહેદોએ સ્થળ પર જઈને જોતાં **ટેન્કર જે તેના ચારેય વ્હીલ રોડ પર રહે તે રીતે કોઈપણ જાતની આડશ કે ઈન્ડીકેટર વગર ઉભેલ હતું તેમજ આ ટેન્કરની આગળ કે પાછળ કોઈ સીગ્નલ કે ઝાડની ડાળખીઓ કે તાપણું પણ સીગ્નલ તરીકે મુકેલન હતું. વિશેષમાં આ તમામ સાહેદોનીજુબાની અનુસાર અકસ્માત જે વહેલી સવાર ના ચારેક વાગ્યાના અરસામાં રાત્રીના અંધારામાં બનેલ હતો.બનાવ સ્થળ ની આ હકીકતને પંચ સાહેદ ભગવાનસિંહ મનોહરસિંહ ગોહીલે પણ તેમની**

**<u>આંક-૧૬ ની જુબાની માં સમર્થન આંક : ૧૭ ના પંચનામાની હકીકત મુજબ આપેલ છે</u>** તેમજ આ પંચ સાહેદની ઉલટતપાસમાં આરોપી પક્ષ ધ્વારા તેમણે જુબાનીમાં જણાવેલ હકીકત ચેલેન્જ કરાયેલ નથી,પરંતુ તેઓ પોલીસને લખાવતા હોય અને પોલીસ લખતી હોય તેવુ બનેલ નથી તેમ પુછતા તેનો સ્વીકાર કરેલ છે.વાસ્તવમાં પંચનામુ પંચે લખાવવુ જોઈએ તેવો કોઈ કાયદાકીય સિધ્ધાંત નથી.પરંતુ પંચનામુ એટલે કે જે સ્થળ સ્થિતિનું નિરીક્ષણ પંચ ધ્વારા કરવામાં આવેલ હોય અને તે સમયે જે પંચનામુ કરનાર પોલીસ અધિકારી હાજર હોય તેણે તે સ્થળ સ્થિતિની વિગત યોગ્ય રીતે લખેલ છે કે કેમ તે અનુસંધાને તેણે તેમાં સહી કરવાની હોય છે. આ પંચ સાહેદે પણ પોતાની જુબાનીમાં જે ટેન્કર રોડ પર ઉભેલ હતું તેની આજુબાજુ કોઈ ચેતવણીના નિશાન મુકેલ ન હતાં તેવી હકીકત જણાવેલ છે તથા તે જ હકીકત આંક : ૧૭ ના પંચનામા,દસ્તાવેજી પુરાવા પરથી ફલિત થાય છે.

(૨૪) ફરીયાદ પક્ષે સ્થળ નિરીક્ષણ કરનાર એફ.એસ.એલ. અધિકારી ભરત મહેન્દ્રભાઈ દેસાઈની જુબાની આંક-૩૧ થી નોંધવામાં આવેલ છે તેઓએ પણ પોતાની જુબાનીમાં જે સ્થળ સ્થિતિનું નિરીક્ષણ તેમણે કરેલ ત્યાં રોડ પર એસીડ ઢોળાયેલ હતું તેમ જણાવી સ્થળ સ્થિતિનું નિરીક્ષણ કરી જે અહેવાલ આપેલ તે તેઓ આંક-૩૩ થી રજુ કરે છે આ અહેવાલ આંક-૩૩ ધ્યાને લેતાં તેના પરથી પણ અકસ્માત જે ટેન્કર નં. જી જે ૧ બી ટી ૮૬૬૩ તથા આઈસર ગાડી નં. જી જે ૩ એ ટી ૨૬૮૭ વચ્ચે થયેલાનું જણાય છે.આ આંક-૩૩ નો દસ્તાવેજ

જે આ સાહેદની જુબાનીમાં રીફર થયેલ છે તેને આરોપી પક્ષે ચેલેન્જ કરાયેલ નથી ત્યારે અકસ્માતનો બનાવ ઉપરોકત બંને વાહન વચ્ચે થયેલ હોવાની હકીકત બીન તકરારી બની રહે છે. તેમજ વાહનોની યાંત્રીક તપાસણી કરનાર આર. ટી. ઓ.નિરીક્ષક મેઘલ સંતોષકુમાર પંચાલ ની જુબાની આંક–૨૯ થી નોંધતાં તેઓ જે યાદીના આધારે જંબુસર રોડ પર બે વાહનો વચ્ચે અકસ્માત થયેલ ત્યાં પહોંચેલ ત્યારે તેમણે જોતાં અકસ્માત જે ટેન્કર નં. જી જે ૧ બી ટી ૮૬૬૩ તથા આઈસર નં. જી જે ૩ એ ટી ૨૬૮૭ વચ્ચે થયેલાનું તેમજ આ અકસ્માત ટેન્કરની પાછળ આઈશર ભટકાતા થયેલ હોવાનુ જણાવેલ છે અને તેવી હકીકત આંક–૩૦ ના બંને વાહનોના એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ ઉપરથી પણ ફલીત થાય છે તેમજ આ અકસ્માત કોઈ યાંત્રીક ખામીના કારણે થયેલ હોય તેવો અભિપ્રાય આ અધિકારી શ્રીએ આપેલ નથી ત્યારે ફરીયાદ પક્ષે રજુ થયેલ આ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા પરથી એ હકીકત પ્રસ્થાપિત થાય છે કે અકસ્માત ટેન્કર નં. જી જે ૧ બી ટી ૮૬૬૩ જે જંબુસરથી પાદરા જતાં રોડ પર બામણવશી ચોકડીથી આગળ માસર રોડ ગામની સીમમાંથી પસાર થતાં રાજકીય ધોરી માર્ગ પર જે રાત્રીના અંધારાના સમયમાં અંદાજે ચારેક વાગે કોઈ પણ જાતનાં ઈન્ડીકેટર, સીગ્નલ કે સાઈડ લાઈટ ચાલુ રાખ્યાં વગર કે કોઈપણ ઝાડી, ડાળખા કે તાપણાની નિશાની વગર આ ટેન્કરના તમામ વ્હીલ રોડ પર આવે તે રીતે રાખેલ હોઈ અને તેમાં એસીડ ભરેલ હતો જે ટેન્કરની પાછળના ભાગે આઈસર નં.જી જે ૩ એ ટી ૨૬૮૭ ભટકાતાં અકસ્માત થયેલ જેમાં આંક–૧૮, ૧૯ તથા

૨૦ ના ઈન્કવેસ્ટ પંચનામાની વિગતે તેમજ આંક-૪૦,૪૧ અને ૪૨ ની પી. એમ.નોટ કે જે આરોપી પક્ષે પણ પુરાવામાં કબુલ રાખેલ છે જેથી તેને એવી. એકટની કલમ ૫૮ મુજબ વંચાણે લેવામાં આવેલ છે તે મુજબ ઈજા થવાથી આઈસરમાં રહેલ ડ્રાઈવર વિનોદભાઈ તથા કલીનર શામજીભાઈ અને સંજયભાઈ ના પર એસીડ ઢોળાવાથી તથા અકસ્માતમાં થયેલ ઈજાના કારણેું સ્થળ પર જ મૃત્ય નિપજેલ.

(૨૫) ફરીયાદપક્ષે જે ઉપરોકત હકીકત રજુ થયેલ મૌખિક પુરાવા પર તેમજ દસ્તાવેજી પુરાવા પરથી સાબિત કરેલ છે.જેમાં આ ટેન્કર ટ્રાફીક રૂલ્સ અને રેગ્યુલેશનની જોગવાઈ વિરૂધ્ધ રીતે સર્વિસ રોડ પર રાત્રીના સમયે રાજકીય ધોરીમાર્ગ પરના સર્વિસ રોડ ઉપર વાહનોના ટ્રાફીકને અડચણ અટકાયત તથા જોખમરૂપ થાય તે રીતે આ વાહન જેમાં એસીડ જેવુ જલદ પ્રવાહી હોવા છતાં કોઈપણ જાતના ઈન્ડીકેટર વગર તેને પાર્ક કરવામાં આવે ત્યારે તે પાર્ક કરનારને પણ તે જ્ઞાન હોઈ શકે કે તેના આવા કૃત્યથી આ રોડ ઉપર અવર જવર કરનાર અન્ય વાહન જેને આ ટેન્કર અંધારાના સમયમાં ઉભુ રહેલ નહી દેખાય તો હાઈવે પર સ્વાભાવિક પણે જયારે વાહનની કોઈ ગતિ મર્યાદા નિયંત્રીત થયેલ ન હોય તેવા સંજોગોમાં સ પીડથી આવતુ વાહન આ ટેન્કરની સાથે અથડાવાથી એસીડ રોડ ઉપર તથા અથડાતા વાહન પર ઢોળાતા તેમાં રહેલ ચાલક કે પેસેન્જર પર એસીડ પડવાથી તથા તે એસીડ રોડ ઉપર ફેલાવવાથી કોઈનુ પણ મૃત્યુ નિપજી શકે તેમ છે અને તે મૃત્યુ ખુન ન ગણાય તેવો સાપરાધ મનુષ્ય વધ ગણી શકાય તેમ છતાં

જયારે તેવુ વાહન રાખવામાં આવે અને તે કારણે અકસ્માત થતા જે ત્રણ વ્યકિત ના મૃત્યુ નિપજેલ હોય તેમજ આંક : ૪૦,૪૧ તથા ૪૨ ના પી.એમ.નોટમાં દર્શાવ્યા મુજબ આ ત્રણેય મરણ જનાર ઉપર એસીડ ઢોળાતા તેઓ ગંભીર રીતે દાઝી ગયેલા હોય અને જે તેમના મૃત્યુનુ કારણ હોય તેવી હકીકત દર્શાવેલ હોય ત્યારે ઈ.પી.કો.કલમ ૨૮૩ તથા ૩૦૪ પાટ–૨ મુજબનો ગુન્હો બનેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ સાબિત કરે છે.

(૨૬) ઈ.પી.કો.કલમ ૨૮૩,૩૦૪–પાર્ટ–૨મુજબનો ગુન્હો બનેલાની હકીકત જે ફરીયાદ પક્ષે પુરવાર કરેલ છે તે કૃત્ય હાલના આરોપીએ કરેલ છે કે કેમ ? તે માટે પુરાવો જોવામાં આવે તો બિન તકરારી રીતે કોઈપણ સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ નથી તેથી આ ટેન્કર નંબર : જીજે.૦૧.બીટી.૮૬૬૩ હાલના આરોપી ચલાવતા હતા અને તેમણે આ ટેન્કર ટ્રાફીકને અડચણ તથા જોખમ૧૫ થાય તે રીતે અંધારામાં કોઈપણ પ્રકારના ઈન્ડીકેટર વગર જાહેર રસ્તાર પર પાર્ક કરેલ હોય તેવુ ફરીયાદી કે સાહેદોની જુબાની પરથી સાબિત થતુ નથી પરંતુ હાલ ના કિસ્સામાં બનાવ બન્યા બાદ જ સ્થળ ફરીયાદી તથા તમામ સાહેદો પહોંચેલ છે ત્યારે ફરીયાદ નોંધાયા બાદ હાલના આરોપીને જે આ ગુન્હાના કામે અટક કરવામાં આવેલ છે તે ત.ક.અ.શ્રીની જુબાની મહત્વનો પુરાવો બની રહે. જો ત.ક.અ.ની જુબાની વિશ્વસનીય જણાતી હોય તેમજ તેને તપાસના કામે રજુ થયેલ અનય દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળતુ હોય તો તે જુબાની તથા દસ્તાવેજી પુરાવાને આધારે પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય.

હાલના કિસ્સામાં જોવામાં આવે તો જયારે આ ફરીયાદ નોંધાતા ત.ક.અ.શ્રી.ને જે આંક :૪૯ થી તપાસ સોંપાયેલ તે તપાસ સંભાળ્યા બાદ તેઓએ કરેલ કાર્યવાહીની હકીકતને તેઓએ`મની પોતાની આંક : ૪૮ ની જુબાનીમાં વિગતવાર જણાવેલ છે.જેમાં તેઓએ સ્થળ પરથી ત્રણેય લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ આંક : ૧૮ થી ૨૦ મુજબનુ ભરી ડોકટરશ્રીને પી.એમ.માટે આંક :૩૯ મુજબ યાદિ કરી જે અનુસંધાને પી.એમ. નોટ આંક : ૪૦ થી ૪૨ ની તપાસના કામે તેમને સોંપવામાં આવેલ.તેમણે સ્થળ સ્થિતિના નીરીક્ષણ માટે જે આંક :૩૨ મુજબની યાદિ એફ.એસ.એલ.અધિકારી ભરત મહેન્દ્રભાઈ દેસાઈ ને કરતા આંક :૩૧ ની તેમની જુબાની મુજબ તેઓએ સ્થળ વિઝીટનો જે પ્ર ાથમિક અહેવાલ તૈયાર કરી જે આંક : ૩૩ મુજબનો આપતા તપાસના કામે સામેલ રાખી આ બંને વાહનોમાં કોઈ યાંત્રિક ખામી હતી કે નહી તે માટે આર.ટી.ઓ.ને જે આંક : ૫૧ મુજબની યાદિ કરેલ તે અનુસંધાને આર.ટી. ઓ.અધિકારીએ બંને વાહનોની ચકાસણી કરતા આંક : ૩૦ મુજબના એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ આપેલ જે તપાસના કામે સામેલ રાખેલ.આ એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ મુજબ આ ટેન્કરમાં કે આઈશરમાં કોઈ યાંત્રિક ખામી ન હતી. ત્યારે કોઈ યાંત્રિક ખામી વગર આ ટેન્કર જેમાં જલદ એસીડ ભરેલ હતુ અને તેની જાણ સ્વાભાવિકપણે તેના ડ્રાઈવરને હોય તેમ છતાં તેણે જે હાઈવે પર કોઈપણ પ્રકારના ઈન્ડીકેટર વગર પાર્ક કરેલ અને તે ડ્રાઈવર હાલના આરોપી હતા કે કેમ તે અનુસંધાને ત.ક.અ.એ આંક : ૫૩ ના જે પેપર્સ તપાસના કામે કબજે કરેલ જેમાં

આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા તેઓને અટક કરેલ તેમ જણાવેલ છે. તેમની ઉલટતપાસમાં આ ટેન્કર કોણ ચલાવતુ હતુ તે ખૂલેલ નથી તેનો ઈન્કાર કરેલ છે તે સિવાય અન્ય કોઈ વિગત ઉલટતપાસમાં ચેલેન્જ કરાયેલ નથી. જેથી ત.ક.અ.શ્રી.ની આ મૌખિક જુબાની ન માનવા માટે. કોઈ કારણ નથી. આ ત.ક.અ.શ્રીએ તેમની જુબાનીમાં જણાવ્યા મુજબના જે બંને વાહનોના આર. સી. બુક,ઈન્સ્યોરન્સ પોલીસી,પરમીટ,વાહનમાં ભરેલ માલના જે દસ્તાવેજી પુરાવા કબજે કરેલ તે આંક ૫૩ ના દસ્તાવેજી પુરાવાઓ આરોપીપક્ષે ચેલેન્જ થયેલ નથી તે ટેન્કર નં.જીજે.૦૧.બીટી.૮૬૬૩ ની ગુડઝ કેરેજ પરમીટ ફીટનેસ સર્ટીફીકેટ તેમજ આ વાહનના જે તમામ ટેક્ષની રકમ ચુકવાયેલ હોય તે ઈન્સ્યોરન્સ પોલીસીની ઝેરોક્ષને ઘ્યાને લેતા જે એવન એસીડ પ્રા. લિ. માલિકીનુ હતુ તેવી હકીકત સાબિત થાય છે.તેની સાપેક્ષમાં આ એવન એસીડ પ્રા.લિ.ના મેનેજર મુકેશભાઈ ધનજીભાઈ પટેલને આંક : ૩૫ થી તપાસતા તેઓએ ફરી ગયેલ જાહેર થઈ સોંગદ ઉપર ખોટી જુબાની આપવાનુ ઉચિત સમજી આવા કોઈ પેપર્સ તેઓએ તપાસ કરનારને આપેલ નથી તેવુ જણાવેલ છે.પરંતુ આ સાહેદ તે જે કંપનીની માલિકીનુ ટેન્કર હતુ તેના મેનેજર છે ત્યારે તેઓ રસ ધરાવનાર સાહેદ તરીકે આરોપીના લાભમાં ખોટી હતી જણાવે છે અને તેના મૌખિક પુરાવા ના સાપેક્ષમાં ત.ક.અ.શ્રી.એ તેમના હોદ્દાની રૂઈએ ફરજના ભાગરૂપે જે પેપર્સ કબજે કરેલ છે તે આંક :૫૩ થી રજુ રાખેલ છે જે ચેલેન્જ પણ થયેલા નથી તે આધારભુત છે.આ આંક–૫૩ ના તા.૧૫/૦૩/૧૫ ના રોજ ડીલીવરી સ્લીપ

નં.૧૦૫૬ મુજબ સોમા ટેક્ષટાઈલ માટે એવન એસીડ પ્રા.લિ.તરફથી હાઈ ડ્રોકલોરીક એસીડ આા વાહન જીજે.૦૧.બીટી.૮૬૬૩ માં ૨૩.૭૫૦ મેટ્રીક ટનના ભરી આંક : ૫૩ ના રજુ થયેલ ઈનવોઈસ મુજબ રવાના થયેલ અને જે ઈનવોઈસ તા.૧૫/૦૩/૧૫ ના રોજ કલાક ૧૪.૧૦.૨ સેકન્ડે તૈયાર થયેલ. આ એસીડ જે સોમા ટેક્ષટાઈલ તરફ રવાના થયેલ તેના ઈનવોઈસની સાથે કવોલીટી કન્ટ્રોલ ડીપાર્ટમેન્ટના એનાલીસીસ સીર્ટીફીકેટ તથા ગ્રાસીમ ઈન્ડસ્ટ્રીઝ લિ.ની જે આ ટેન્કરમાં એસીડ ભરાયા બાદ વજન થયેલ તેની વે બ્રિજ સ્લીપ મેળવાયેલ છે તે તથા આ એસીડ મોકલતી સમયે જે મોકલનાર તથા માલ સ્વીકારનારના નામ તેમજતારીખ,વાહનનો નંબર તેમજ ડ્રાઈવરનુ નામ દર્શાવતી એલ. આર. નં. ૩૯૭૧ ઘ્યાને લેતા તેમાં ડ્રાઈવર તરીકે હાલના આરોપીનુ નામ રફીક દર્શાવેલ છે તેમજ આ મહોંમદ રફીકખાન જે ડેન્જરર્સ અને હેઝારર્ડસ ગુડસના ડ્રાઈવર તરીકેનુ લાઈસન્સ ધરાવતો હોય તે લાઈસન્સની ઝેરોક્ષ પણ હાલના કામે આંક : ૫૩ થી રજુ રખાયેલ છે.

(૨૭) આંક : ૫૩ થી રજુ થયેલ આ દસ્તાવેજો તેમજ ત.ક.અ.શ્રીની મોખ્કિ જુબાની આંક : ૪૮ મુજબ હાલના આરોપી તે ટેન્કરના ડ્રાઈવર હતા તેવુ જયારે સાબિત કરેલ હોય પરંતુ આરોપી તરફે તેમના વિ.વ.શ્રી.દ્વારા આંક : ૫૮ ની લેખિત દલીલમાં એવી રજુઆત કરાયેલ છે કે આરોપી આ ટેન્કરના ડ્રાઈવર ન હતા અને આ ટેન્કરના એલ.આર.નં.૩૯૭૧ ની ઝેરોક્ષ મુજબ ડ્રાઈવર તરીક માત્ર રફીક તેવુ નામ ખૂલે છે ત્યારે તે માની શકાય નહી.પરંતુ આરોપીને ક્રિ.પ્રો.કોડની

કલમ ૩૧૩ મુજબનુ વિશેષ નિવેદન નોંધતા તેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે તેમના વાહન થી અકસ્માત થયેલ નથી અને તેઓએ દરેક રીતની સાવધાની રાખેલ હતી તેમજ તેમની કોઈ નિષ્કાળજી ન હતી.આમ,વિશેષ નિવેદન કે જે કાયદાકીય પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપી વિરૂધ્ધ જે પુરાવો ફરીયાદપક્ષે રજુ કરેલ હોય તેના ખુલાસા માટે નોંધવામાં આવતુ હોય છે જેમાં આરોપી જે હકીકત જણાવે તેને ફરીયાદપક્ષના મુળ પુરાવા સાથે કોરોબ્રેશનમાં વંચાણે લઈશકાય પરંતુ જો ફરીયાદપક્ષે કોઈ પુરાવો રજુ થયેલ ન હોય તો માત્ર વિશેષ નિવેદનમાં જણાવેલ હકીકતને મુળભુત પાયો ગણી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.આરોપી તરફે જે કેસ લો રજુ રખાયેલા છે તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા તથા નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા ઉપરોકત સિધ્ધાંત પ્રતિપાદીત થયેલ છે અને તે અત્રેની કોર્ટને બંધનકર્તા છે. પરંતુ હાલના કામે જોવામાં આવે તો જયારે ફરીયાદપક્ષે જે પુરાવો રજુ થયેલ છે તે આંક : ૪૮ થી ત.ક.અ.ની જુબાની તથા ૫૩ ના દસ્તાવેજી પુરાવા પરથી રફીક નામનો ઈસમ જે ટેન્કરનો ડ્રાઈવર હતો અને તે ઈસમના ડ્રાઈવીંગ લાઈસન્સ ફરીયાદપક્ષે આંક : ૫૩ થી રજુ રાખેલ છે.તે પરથી ફરીયાદપક્ષ રેકર્ડ પર આ આરોપી ટેન્કરનો ડ્રાઈવર હતોતેવુ પ્રસ્થાપિત કરે છે અને તેના સમર્થનમાં હાલના આરોપીએ પણ તેઓ ટેન્કરના ડ્રાઈવર હતા તે હકીકત વિશેષ નિવેદનમાં જણાવેલ છે.નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા **<u>૨૦૦૭ એ.આઈ.આર.સુપ્રિમ કોર્ટ પાન નં.૮૪૮,વિષ્ણુપ્રસાદ સિન્હા વિ. સ્ટેટ ઓફ આસામ</u>** તેમજ ત્યાર બાદ

**૨૦૦૮ ક્રિમી.લો.જન.(એન.ઓ.સી)પેઈજ નં.૬૮૮ બલવંત વિ. સ્ટેટ ઓફ યુ.પી.**માં પ્રતિપાદીત થયેલ સિધ્ધાંત મુજબ આરોપીને ક્રિમી. પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબનુ નિવેદન તે કોઈ પુરાવો નથી અને માત્ર તે નિવેદનના આધારે જ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી પરંતુ ફરીયાદપક્ષે જે પુરાવો રજુ થયેલ હોય તેની સાથે વંચાણે લેતા જો સંજોગોની એક સાંકળ ઉપસ્થિત થતી હોય અને તે પરથી આરોપી જ ગુનેગાર છે તેવુ રેકર્ડ પર પ્રસ્થાપિત થતુ હોય તો તેને સાંયોગિક પુરાવાની સાથે લઈ શકાય અને તે જ સિધ્ધાંત **૨૦૧૪(૧૧) (એસસીસી) ૪૧૪ સુખજીતસિંગ વિ.સ્ટેટ ઓફ પંજાબ**માં પ્રતિપાદીત થયેલ છે તેમજ આરોપીપક્ષે જે કેસ લો રજુ રખાયેલા છે તેમાં **૨૦૧૪,જેએક્ષ પાન નં.૫૨૯ સંજયકુમાર લક્ષ્મણભાઈ ખાંટ વિ.સ્ટેટ ઓફ ગુજરાત તથા ૨૦૧૬ (૨) જી.એલ.આર. પાન નંબર ૧૫૦૦તથા ૨૦૧૫ (૧) એસ સી સી, પાન.નં.૪૯૬ નારસીંગ વિ. સ્ટેટ ઓફ હરીયાણામાં** પ્રસ્થાપિત થયેલ છે.હાલના કિસ્સામાં ફરીયાદપક્ષે જે હકીકત દસ્તાવેજી તથા મૌખિક પુરાવાથી પ્રસ્થાપિત કરેલ છે તેને કોરોબોરેશન આરોપીના વિશેષ નિવેદન પરથી મળે છે કે તેઓ જ બનાવ સમયે ટેન્કર નં.જીજે.૦૧.બીટી.૮૬૬૩ ના ડ્રાઈવર હતા અને આંક : ૫૩ ની વિગતે આવા હેઝારડસ તથા ડેન્જરસ પ્રવાહી/પદાર્થના કેરીએજ અંગેના ચાલક નુ લાઈસન્સ ધરાવતા હતા.તે તેઓએ જ આંક :૧૭ ના પંચનામાની વિગતે ટેન્કર જેમાં જલદ એસીડ પ્રવાહી ભરેલ હતુ તે તેમની જાણમાં હોવા છતાં આ ટેન્કર સર્વિસ રોડ ઉપર રાત્રીના અંધારાના સમયમાં ટ્રાફીક રૂલ્સ

રેગ્યુલેશનથી વિરૂધ્ધ રીતે કોઈપણ પ્રકારના ઈન્ડીકેટર વગર ઉપર પાર્ક ન કરાય તેનુ જ્ઞાન હોવા છતાં અને તેમનુ આવુ કૃત્ય તે માનવ જીંદગી માટે જોખમી બની રહેશે અને જે કોઈના પણ મૃત્યુનુ કારણ બની શકે તેમ છે તેવી જાણ હોવા છતાં જે રીતે તેમણે કોઈપણ પ્રકારની યાંત્રિક ખામી વગર (આંક : ૩૦ ના રીપોર્ટ) મુજબ વાહન પાર્ક કરેલ અને તે કારણે જે અકસ્માત થયેલ તેમાં એસીડ રોડ પર ફેલાતા તેમજ આઈશર નં.જીજે.૩.એટી.૨૬૮૭ પર પડતા તેમાં રહેલ ડ્રાઈવર તથા કલીનર તેમ ત્રણ ઈસમોના મૃત્યુ નિપજેલ તેવુ જયારે પુરવાર થાય છે તેમજ તેમના આ કૃત્યને ઈ.પી.કો.કલમ ૩૦૪(અ) મુજબનુ માત્ર બેદરકારી પૂર્વકનુ કૃત્ય ન ગણી શકાય પરંતુ જ્ઞાન સાથે કૃત્ય ગણી શકાય.ત્યારે ફરીયાદપક્ષ મુદ્દા **નં.૧ તથા ૨ ''હકારમાં''** આરોપીની સંડોવણી સાથે સાબિત કરી શકતા હોય **મુદ્દા નં.૩** માટે તેઓને **ઈ. પી. કો. કલમ ૨૮૩ તથા ૩૦૪ પાર્ટ(૨)** ના ગુના માટે તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.પરંતુ તેઓને સજા કરતા પહેલા સજા અંગે સાંભળવા જરૂરી હોય તે માટે સાંભળવા પર રાખવામાં આવે છે.

**તા.૦૨/૦૮/૨૦૧૮**
**વડોદરા.**

**(ટી. ડી. પડીઆ ),**
**૧૨ માં એડીશનલ સેશન્સ જજ,**
**વડોદરા.**
**(... Judge Code - GJ00573...).**

(૨૮) હાલના કામે આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, આ કામે આરોપી કે જે ગરીબ ઘરના માણસ છે તેમજ, તેઓ પર સમગ્ર કુટુંબ ની જવાબદારી છે.તેઓ કોઈ ગુન્હાહિત ઈતિહાસ ધરાવતા નથી,હાલના ગુનમાં તેમનો કોઈ ઈરાદો ન હતો પરંતુ જે બનાવ બનેલ છે તે અકસ્માત ગણી શકાય તેથી તેવા સંજોગોમાં સજા ન્યુનતમ કરવા અરજ ગુજારેલ છે.

(૨૯) પ્રતિ પક્ષે વિ.એ.પી.પી.શ્રી સી.જી.પટેલ ધ્વારા એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, આ કામે જયારે આરોપી વિરુધ્ધનો ગુન્હો પૂરવાર થતો હોય તેમજ,જે કૃત્ય આરોપીએ આચરેલ છે તેનાથી ત્રણ નિર્દોષ ઈસમો જીંદગી ગુમાવી ચુકેલ હોય જયારે આરોપી એસીડ જેવા જલદ પ્રવાહીનુ વહન કરતા હોય ત્યારે ટ્રાફીક રૂલ્સ રેગ્યુલેશનનુ પુરતુ પાલન કરી વાહન પાર્ક કરવુ જોઈએ.હાલના કામે જે ગુન્હાહિત કૃત્ય આરોપીએ કરેલ છે તે તેમની જ્ઞાન સાથેની બેદરકારી ગણી શકાય.તે સંજોગોમાં મહત્તમ સજા કરવી જોઈએ.

(૩૦) બન્ને પક્ષની રજૂઆત તથા કાયદામાં દર્શાવેલ ઈ.પી.કો.કલમ ૩૦૪ પાર્ટ–૨ ના ગુના માટેની સજાની જોગવાઈ ધ્યાને લેતા હાલના કિસ્સામાં જયારે આરોપીનો હેઝારડર્સ તથા ડેન્જરર્સ પદાર્થના વહન માટેના વાહન ચલાવવાની લાઈસન્સ મળેલ હોય ત્યારે તે લાઈસન્સ મુજબ ટ્રાફીક રૂલ્સ રેગ્યુલેશનના પાલનની જવાબદારી હાલના આરોપી ની હોય તેમ છતાં અગાઉ ચર્ચા કર્યા અનુસાર જયારે આરોપીએ રાત્રીના અંધારના સમયમાં ટેન્કર જેમાં જલદ હાઈડ્રોકલોરીક એસીડ ભરેલ હતુ તેમ છતાં તેને કોઈપણ જાતની યાંત્રિક ખામી વગર સર્વિસ રોડ ઉપર કે જયાં વાહનનોની અવર

જવાર હોવાનુ તેમને જ્ઞાન હતુ અને આ ટેન્કર જો કોઈ પ્રકારના ઈન્ડીકેટર કે આડસ વગર રોડ ઉપર પાર્ક કરવામાં આવશે તો તે રસ્તા પરથી પસાર થતા અન્ય વાહનને નહી દેખાય તો અકસ્માત થતા તે વાહનમાં સવાર ઈસમોના પર જલખ એસીડ પ્રવાહી ઢોળાવવાથી મૃત્યુ થઈ શકે તેમ છે અને તે એસીડ જમીન પર ઢોળાતા વાતાવરણમાં તેમની અસર થઈ શકે તમે છે.તેમ છતાં તેઓએ પુરતા જ્ઞાન સાથે બેદરકારસ દાખવેલ હોય અને તે કૃત્યથી ત્રણ નિર્દોષ ઈસમોના જીવ ગયેલ હોય તેની પણ નોંધ લઈ તથા આરોપીની પણ આર્થિક સ્થિતિ,જવાબદારી તેમજ સજાની જોગવાઈ ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ સજા અનુસંધાને મુદ્દા નં.૩ અંતગર્ત કરવામાં આવે છે.

## *:: હુ ક મ ::*

(૧) આરોપી મોહંમદ રફીકખાન મોહંમદ પાંચુખાન ઉ.વ.૨૯,ધંધો :ડ્રાઈવીંગ,રહેવાસી કુતુબનગર,સૈયદવાડી,ગલી નં.૧૧,રૂમ નં.૨,વટવા,અમદાવાદને વડુ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૯/૨૦૧૫, ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ ૨૮૩ તથા ૩૦૪ – પાર્ટ– ૨ ના ગુન્હા માટે ક્રિ.પ્રો.કોડ કલમ : ૨૩૫(૨) મુજબ કસૂરવાન ઠરાવી આરોપીને ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ ૨૮૩ માટે **રૂ.૨૦૦/– (અંકે રૂપીયા બસ્સો પુરા)** દંડ પેટે ભરવા હુકમ કરવામાં આવે છે.આ દંડની રકમ ન ભર્યેથી દિન–૭ ની સાદી કેદની સજા કરવા હુકમ કરવામાં આવે છે તથા ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ ૩૦૪–પાર્ટ–૨ ના ગુન્હા માટે **સાત વર્ષની સખત કેદ**ની સજા તથા **રૂ.૨૦,૦૦૦/–(અંકે રૂપીયા વીસ હજાર દંડ**) ભરવા હુકમ

કરવામાં આવે છે. આ દંડ ન ભર્યેથી એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી જામીન મુકત હોય તેમના જામીન ખત રદ કરી સજા ભોગવવા જયુ. કસ્ટડી માં લેવા હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિ.પ્રો.કોડ કલમ : ૩૬૩ અન્વયે આરોપીને હાલના હુકમની ખરી નકલ વિના મૂલ્યે આપવી.

(૪) હુકમ મુજબ જરુરી યાદી કરવી.

હુકમ આજ રોજ તા. બીજી માહે :– ઓગષ્ટ, ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તા.૦૨/૦૮/૨૦૧૮**
**વડોદરા.**

**(ટી. ડી. પડીઆ ),**
**૧૨ માં એડીશ્નલ સેશન્સ જજ,**
**વડોદરા.**
**(... Judge Code - GJ00573...).**

**(વિપુલ શાહ).**